 ISSN: 2349-6002

વિલાસ આર. કોશિયાણી
*શોધછાત્રા (MKBU)*
*doi.org/10.64643/IJIRTV12I8-191143-459*

***એબસ્ટ્રેક*—આપણું સાહિત્ય આગવી વિશેષતાઓ સાથે રચાતું રહ્યું છે. ગદ્ય સ્વરૂપમાં નવલકથા, નવલિકા, નિબંધ, નાટક, એકાંકી, ચિંતન, ચરીત્ર, આત્મકથા, સ્મરણકથા વગેરે પ્રકારે તે જોવાં મળે છે. અહીં ચંદ્રકાંત શેઠની સંસ્મરણકથા 'ધૂળમાંની પગલીઓ'નો અભ્યાસ કરતા લેખકની આગવી ઓળખ ઊભી થતી જોવાં મળે છે. સ્મરણ કથાની અનેક વિશેષતાઓ ઊડીને આંખે વળગી કોઈપણને પોતાનાં ભૂતકાળમાં દોરી જાય તેવી સરળ અભિવ્યક્તિથી થયેલ રજૂઆત એ લેખકનું જમાં પાસુ છે. ધૂળમાં જીવાયેલા જીવનનાં અનેક પ્રસંગો યાદગાર બની રહ્યાં છે.**

## ધૂળમાં જીવાયેલો ભૂતકાળ : 'ધૂળમાંની પગલીઓ'

આધુનિક યુગનાં સાહિત્યકારોમાં ચંદ્રકાન્ત શેઠ મહત્ત્વનું પ્રદાન કરનાર સર્જક રહ્યા છે. કવિતા, નિબંધ, હાસ્યનિબંધ, હાસ્યકથા, ચરિત્ર, આત્મકથા, સંસ્મરણ, એકાંકી, ટૂંકી વાર્તા, વિવેચન, સંશોધન, અનુવાદ, સંપાદન વગેરે ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન રહેલું છે. તેમનાં સાહિત્ય પ્રદાનને બિરદાવતા સમયે સમયે તેમને પુરસ્કારો મળતાં રહ્યાં છે. તેમનો જન્મ ૩ ફેબ્રુઆરી, ૧૯૩૮નાં રોજ પંચમહાલ જિલ્લાના કાલોલ ગામમાં થયો હતો. તેમનું વતન ખેડા જિલ્લાનું ઠાસરા. તેઓએ 'નંદ સામવેદી'ની સહીથી નિબંધ, 'દક્ષ પ્રજાપતિ' તખલ્લુસથી ગઝલો, 'આર્યપુત્ર' અને 'બાલચંદ્ર' ઉપનામે ગદ્ય લખાણ કરેલું. ગુજરાતી વિશ્વકોશમાં સહ સંપાદક તરીકે અને ગુજરાતી બાળસાહિત્યકોશમાં મુખ્ય સંપાદક તરીકે ભૂમિકા ભજવનાર બહુમુખી પ્રતિભાવંત સર્જક ૨ ઑગસ્ટ, ૨૦૨૪નાં રોજ અવસાન પામેલ.

'ઊંડું જોયું અઢળક જોયું,
મનમાં જોયું, મબલખ જોયું.'

એમ ગાનાર કવિ સંસ્મરણકથા 'ધૂળમાંની પગલીઓ' (૧૯૮૪) માં એમની જ કાવ્ય પંક્તિઓને આધારે કહીએ તો 'પલમાં જોયું અપલક જોયું; હદમાં જોયું, અનહદ જોયું.'ની જેમ બાળપણ અને કૈશોર્યને ધૂળમાંની પગલીએ પગલીએ જઈ જોઈ આવે છે. 'જનાન્તિકે' (સુરેશ જોષી), 'વનાંચલ' (જયંત પાઠક), 'દૂરના એ સૂર' (દિગીશ મહેતા)ની પરંપરામાં આ સંસ્મરણો મહત્વનાં છે. અમદાવાદમાં રહેતા લેખક ચેક બાળપણની ધૂળમાંની પગલીઓથી લઈ એની સાથે મળતી બીજી પગલીઓ અને પગલીઓમાં ભળી ગયેલ અનેક પગલીઓમાં સંસ્મરણોને આલેખે છે.

"દાહોદ અને ભીલ મારામાં એક થઈ ગયા છે." (પૃ.૨) એમ કહેતા લેખક દાહોદની ધરતીની કઠીનાઈ અને લીલી મકાઈની મીઠાશ પણ માણે છે. સાંજે શંકરના મંદિરની આરતીટાણાના ઉજાસમાં જુદું રૂપ લેતું ગામ અને વેચાતની પ્રસાદ વહેંચવાની ચતુરાઈ વગેરે દૃશ્ય ગ્રામ્ય પરીવેશને હૂબહૂ ખડો કરે છે. લેખકનું આ સ્મરણ જે કોઈએ મંદિરમાં સાંજના થતી આરતીનો લ્હાવો લીધો હશે એ દરેકને પોતાના સ્મરણો તાજા કરાવી દેનારૂં છે. શરૂઆતમાં લેખક કહે છે કે, "ભૂતકાળમાં ડોકિયું કરવા જતાં

મારે મારી માટીના થરેથર વીંધીને ઊંડે ઊતરવું જરૂરી બની જાય છે. મારી પેલી બાળપણની સૃષ્ટિ પર કાળની એક પર એક એમ અનેક ચાદરો ઓછાડાયેલી છે. એ સર્વ મારે હઠાવવાની થાય છે." (પૃ.૯/૧૦) અનેક ચાદરોમાં અમુક લેખકને ખૂબ ગમતી સુંદર ચાદરો છે. સ્મૃતિરૂપી ઓછાડાયેલ ચાદરોમાં તાજીયાના સરઘસની, વૈદકાકાના સ્મરણોની ચાદર દાહોદ સાથે સંકળાયેલ છે. પુષ્ટિમાર્ગીય ચુસ્ત વૈષ્ણવ પિતા, ઠાઠમાઠથી થતી ઠાકોરજીની પૂજા, મંદિર અને ઘરમાં ભક્તિનું સમાન વાતાવરણ વગેરે લેખકના વ્યક્તિત્વને ઘડવામાં મહત્વનું બની રહે છે. પોપટ, આગગાડી, ગોપગોપીની જોડીઓ વગેરે રમકડામાં બાળક ચંદ્રકાન્તને પ્રિય રમકડું લાલજી મહારાજની મૂર્તિ છે.

પિતાની સરકારી નોકરીમાં બદલી થતા દાહોદથી પાવાગઢની નજીકના ગામ હાલોલ આવવાનું થાય છે. હાલોલના બસ સ્ટેન્ડની પાસેનું ઊંટડિયું ઝાડ, મગફળીની ચોરી, નવરાત્રીમાં પસાર થતા માતાના રથ, હુતુતુતુની રમતો, ગામ તળાવમા સ્નાન વગેરે સ્મૃતિઓમાં કિશોર ચંદ્રકાન્તના જુદાજુદા ક્રિયા-કલાપો જોવા મળે છે.

લેખકનું બાળપણ અને અભ્યાસ કાલોલ, હાલોલ, કંજરી, દાહોદ વગેરે સ્થળોએ વિત્યું હતું. આ બધાંમાં કંજરી સાથે લેખકને કંઈક વિશેષ લગાવ રહ્યો છે. "કંઈક ગામ ને શહેર જોયાં, પણ કંજરી તે કંજરી." (પૃ.૨૮) કંજરીની તોલે લેખકને મન કોઈ આવે તેમ નથી. ". અમારે મન કંજરી અમારા ગામથી પાંચ-છ માઈલ દૂર અડીખમ ઊભેલા પાવાગઢ જેટલું જ ગૌરસભર હતું. મારા ઘરના ઝરૂખામાં ઊભો રહી દૂરના પાવાગઢ પરના અગ્નિને જે રીતે જોતો એ રીતે આજે ભૂતકાળની શ્યામ તળેટીમાં રહીને ઝળહળતા દીપક જેવા મારા ગામને હું અવલોકું છું. આજે તો પેલા બીરબલની જેમ કોઈ ઠંડાગાર-ઉષ્માવિહીન જલાશયમાં હું ગળાડૂબ છું અને છતાં દૂરના દીવા-શા એ કંજરીને કલ્પનાચક્ષુથી નીરખતા કંઈક તાપવા જેવું કરૂં છું! મને તેથી જાણે આ જળાશયમાં ટકી રહેવાની ધૃતિ-બળ લાધે છે." (પૃ.૨૯) લેખકને મન કંજરીના દરબારગઢના ઠાકોરસાહેબ મોટી હસ્તી હતા. લેખકના પિતાજીએ સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લઈ કંજરી દરબારની નોકરી સ્વીકારી હતી. બાળમંદિરના મહેતાથી નિશાળેથી છૂટવાના મહાભિનિષ્ક્રમણનો પિતાજી દ્વારા અંત આવે છે. કંજરીનો દરબાર ગઢ, નિશાળ, ત્યાંનાં શિક્ષકો, આચાર્ય, નિશાળના એક શિક્ષકની બીડી પીવાની ભારે ટેવ, બાંગડાં છોકરાઓ, મસ્તી, નિશાળની પાછળ રહેલી ભૂત આંબલી, ઇન્સ્પેકશન વગેરેના સ્મરણ નર્મ-મર્મ છે. ભૂતની કલ્પના આસુરી આનંદ આપનારી છે. વ્યક્તિ ચિત્રો સાથે શાળાનું ચરિત્ર-ચિત્રણ પણ મહત્વનું બની રહે છે. શાળા સમયનાં આ તમામ સ્મરણો વાચકને પોતાનાં શાળાનાં દિવસોની યાદ અપાવે તેવા છે.

આબુ વર્ણન સાથે પાવાગઢ પ્રત્યેનો લગાવ ઘણો રહ્યો છે. "પાવાગઢથી આમ ભૌતિક રીતે દૂર છતાં એનાથી અમારી શૈશવની સૃષ્ટિ નિગૂઢતયા સંકલિત થતી હતી. અમારા ગામના પાદરેથી ચોમાસામાં 'મલિન ફીણના છોગે' વહી જતો જે વહેળો, તેનો હાથ પાવાગઢની વિશ્વામિત્રીના હાથમાં સોંપતાં અમારા સંવિતને કોઈ વિઘ્ન નડતું નહોતું." (પૃ. ૫૩) બાળટોળકીએ ભજવેલ પાવાગઢ પતનની કથા 'પતાઈ રાવળનો વેશ', રામ-રાવણનો ખેલ, ભીમ-અર્જુનનો, સીતા-હરણનો, રામલીલાનો વગેરે ભવાઈ-નાટ્યના સ્મરણો રમૂજી છે. આરે અહીં સીતાને ઊંચકવા જતાં પટકાયેલ માયકાંગલા રાવણનું રમૂજભર્યું કરુણ સ્મરણ છે. તો વળી ભીમ - અર્જૂનના ખેલમા પ્રસાદના પડિયાને લઈને એ બંને વચ્ચે બોલાચાલીમા ઉશ્કેરાયેલ દ્રૌપદીના પાત્રથી ઝઘડાએ મારામારીનું રૂપ ધારણ કરેલ.

 ISSN: 2349-6002

જેને પરિણામે તેમની ટોળીમાં થોડો સમય પડી ગયેલ બે તડ થોડાં દિવસો બાદ પ્રસાદ દ્વારા જ ફરી એક થયેલ.

નવરાત્રિ, હોળી-ધૂળેટી, દિવાળી, શરદપૂનમ વગેરે ત્યોહારોના સ્મરણો યાદગાર બની રહે છે. "..અને છેવટે હોળીનો રંગીલો દિવસ વાજતેગાજતે પધાર્યો. અમારી હોળીમાં કિસમ કિસમની વસ્તુઓ હોમાતી. કોઈ સડેલું જૂતું ને કોઈ ફાટેલું ખમીસ, કોઈનો ગોતાનો કટાયેલો ડબ્બો ને કોઈનો વાંસનો તૂટેલો ટોપલો – જે હાથ ચડે તે આ હોળીની પવિત્ર આગમા ધકેલાતું." (પૃ.૬૫) હોળી સાથે ગાઢ રીતે વણાયેલું ઘેરૈયાઓનું સ્મરણ. આસો ગર્ભદીપ સાથે ઘૂમતો ઘૂમતો આવે છે. નવરાત્રિ ને દશેરા, શરદપૂનમ ને દિવાળીનાં તહેવારો નૃત્યગાનની રમઝટવાળા મહત્વના સ્મરણો છે.

"આજ દિવાળી, કાલ દિવાળી
પરમે દહાડે સેવસુંવાળી
ચાંદામામા, ઘી પૂરો કે તેલ પૂરો."
('ધૂળમાંની પગલીઓ'પૃ.૭૧)

દશેરાની સવારી, દશેરા નિમિત્તે ગામના રામજી મંદિરે પધારતી બાવાઓની જમાત વગેરે સ્મરણો ઉલ્લેખનીય છે. આકાશનું સુંદર વર્ણન થયું છે. "આકાશને સવારે જુઓ, બપોરે જુઓ ને તે પછી સાંજે જુઓ, મધરાતે જુઓ ને મસળકે જુઓ. વેળા વેળાની એની છટાઓ છે, વેળા વેળાના એના રંગો છે. આકાશ કોઈ વાર સવારે મીનાકારી મુરાદાબાદી તાસક જેવું લાગ્યું છે તો ચાંદની રાતે રૂપાના થાળ જેવુંયે લાગ્યું છે. ઉનાળાની બપોરે ધધખતા સીસાના ચકરડા જેવું પણ એ ભાસ્યું છે. એ આકાશને ઉઘાડી આંખે જોવાની તો મજા છે જ, મેં મીંચેલી આંખેય એની મજા ચાખવા પ્રયત્ન કર્યો છે." (પૃ.૮૧) બનેવી સાથે પાવાગઢ જાવાનો પ્રસંગ, શરદપૂનમની રાત અને દૂધપૌંવાની મિજલત સ્મરણીય છે.

બાળપણની પ્રિય સખી ગૌરીનું કાલ્પનિક ભાસ કરાવે તેવું રેખાચિત્ર છે. ગૌરીનું સ્મરણ તેનાં મૃત્યુને લઈ વધારે હૃદયગમ બને છે. "હું પુનર્જન્મમાં માનું છું, ઋણાનુબંધમાં માનું છું. કેમ કે હું જગત અને જીવનના સાતત્યમાં માનું છું. ગૌરી સાથેનો મારો સંબંધ તેય ઋણાનુંબંધ. એ ગૌરીનો આજે વિચાર કરું છું ત્યારે કેવી લાગણી થાય છે? જાણે વરસોથી અમે સાથે રહીએ છીએ એક જ ઘરમાં - કદાચ એક જ ખોળિયે! એ જો સામે હોય તો હું એને મારા અંતરની રજેરજ વાત કરું જ. ન કરું તો મને જ ભાર લાગે! હું જ મૂળમાંથી બેચેન બની જાઉં . ગૌરીને તમે મારા જીવનની 'મિથ' કહી શકો. મારુ 'દિવાસ્વપ્ન' કહી શકો. મારી વણ-પુરાયલી અપેક્ષાઓની, વણ- પુરાયલ આદર્શોની 'પ્રતિમા' એને કહી શકો. ગમે તે કહો, મારે મન એ વાસ્તવિકતા છે. આજે સદેહે ક્યાંય નથી ને છતાં હું જ્યાં સુધી હયાત છું ત્યાં સુધી 'એ નથી' એમ કહેવાની મારી તૈયારી નથી. ધૂળમાંની મારી પગલીઓમાં એનીય પગલીઓ ભળી ગયેલી છે." (પૃ.૮૮) બાળપ્રેમનો આવો એકરાર દાદ માંગી લે તેવો છે.

શિયાળો, ઉનાળો અને ચોમાસુ આ ઋતુઓના વર્ણનોમાં આલંકારિક ગદ્યમાં હળવી રજૂઆત થયેલ છે. નાનપણમાં માણેલ શિયાળાની ઋતુનું સ્મરણ જોઈએ તો, "શિયાળાની ઠંડીમાં મને ક્રૂરતાનો નહીં પણ મધુરતાનો જ સ્વાદ આવતો રહ્યો છે. વહેલી સવારે રજાઈમાંથી પંચમહાભૂતોને બહાર કાઢવાનો પ્રશ્ન આવે ત્યારે ઠંડીને હું કેટલી એ ગરમાગરમ ગાળો ચાંપું; પરંતુ ઠંડી તો ગુલાબી થઈને કોઈ બાળકના સુકુમાર ગાલમાં મીઠું મીઠું તાજું તાજું મરકતી જ હોય! ઠંડીમાં શ્લેષ છે સ્નેહ અને શક્તિનો. સૂરજ જેવો સૂરજ પણ કેવો માખણ જેવો કૂંણો બની જાય છે!" (૧૦૪) તો વળી ઉનાળાની બપોર, "બપોરી વેળાએ તડકાનો તોરીલો સન્નાટો ગામ આખામાં ફરી વળતો. મારા કે પેલા

 ISSN: 2349-6002

કાગડા જેવા બહુ ઓછા જીવો ત્યારે સચેત બેઠેલા હોય.” (પૃ.૧૧૨) ઉનાળાની બપોરના વિવિધ કાર્યક્રમો અને ઉનાળાની લાંબી બપોર ગાળવાનાં આયોજનો બાળસહજ છે. ગૌરીની યાદો તાજી કરતું ચોમાસું કેવું જીવાયું છે તે જોઈએ તો, “ગૌરીની લોકોત્તર હયાતી અનેક રૂપે આ વર્ષામાં મને પ્રતીત થતી હોય છે: ગૌરી ક્યારેક મોગરાનાં લીલા પર્ણોના ઉજાસમાં લાવણ્યની ટશરે પ્રગટતી હોય છે. ક્યારેક મેઘ ધનુષ્યની કમનીય કમાનમાં એની દૃષ્ટિની બંકિમ ભંગિમાં મને વરતાય છે. ક્યારેક ઝરણાની રણઝણમાં ગૌરીનાં ઝાંઝરની ઝંકૃતિ વહી આવતી મને પમાય છે.” (પૃ.૧૨૧) સૌ બાળકોની જેમ લેખકને પણ ચોમાસામાં સ્નાન લીલાનો ભવ્ય કાર્યક્રમ રહેલો.

માણસની અંદર કેટકેટલું સચવાય છે? પિસ્તાલીસ વર્ષે લેખક ચંદ્રકાન્ત બાળપણને ચણીબોરની જેમ મમળાવે છે. અઢાર પ્રકરણોને સ્મરણની અઢાર પગલીઓ તરીકે જોઈ શકાય. ચુસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય ભક્તિના વાતાવરણમાં જેનું બાળપણ વિત્યું છે એવા સર્જક ઉપર મુજબના અનેક સ્મરણોને નિરૂપે છે. જેમાં અનેક સ્મૃતિચિત્રો વાટે રેખાચિત્રો, પ્રકૃતિચિત્રો અને ભાવચિત્રોનો સંગમ સધાયો છે. લલિત નિબંધને બંધ બેસે એ પ્રકારનું ગદ્ય તેમની આ ‘ધૂળમાંની પગલીઓ’માં પમાય છે. ઋતુ, સ્થળ, વ્યક્તિચિત્રો, ત્યોહરો વગેરેના વર્ણનોમાં ગ્રામ્ય પરિવેશ ઉજાગર કર્યો છે. છેલ્લા ૧૮માં પ્રકરણમાં લેખકે બાળ જીવનને, ગામ જીવનને સમેટી બાળકવિ ચંદ્રકાન્ત તરફની ગતિ સાધી છે. શિયાળો, ઉનાળો, ચોમાસુ ને પછી પ્રેમ વગેરે પોતાની કવિતામાં કેવી રીતે આવ્યા તેની આછી લકીર તાણી છે.

જે કોઈને બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા કે જીવનનો અમૂક સમય ધૂળમાં રમતાં ગામડાઓમાં વ્યતિત થયો છે તેમને ‘ધૂળમાંની પગલીઓ’ વાંચતા લેખક સાથે પોતાનાં સ્મરણો સળવળી ઉઠે. એમાં સાંજની આરતી, ગામઠી નિશાળમાં, શાળાના બાળકો, શિક્ષકો અને આચાર્ય, ભૂત આંબલી, ગામનું તળાવ, નવરાત્રિ, દિવાળી, હોળી – ધૂળેટી, શરદપૂનમ, રામલીલા, ભવાઈના વિવિધ વેશો, જુદાંજુદાં અભીનય ખેલો, બાળટોળીનાં વિવિધ કાર્યક્રમો વગેરે સ્મરણોમાં વાચક લેખકની સાથે પોતિકા સ્મરણોને પણ વાગોળી શકે તેમ છે.

કાલોલ, હાલોલ, દાહોદ, કંજરી, પાવાગઢ વગેરે સ્થળોના સ્મૃતિચિત્રોમાં ગુજરાતના એ પૂર્વભાગનો ભોગોલિક, સામાજિક પરિવેશ ખડો થાય છે. ઋતુ, સમય, સ્થળ, વગેરે અને ગૌરી જેવાં ચરિત્રવર્ણનમાં ઘણી જગ્યાએ ફિક્શન પ્રકારનું ગદ્ય જોઈ શકાય છે, પરંતુ તે વાસ્તવિકતાને કયાંય અવરોધતું જણાતું નથી. ઊલટાનું ગદ્યને બળકટ બનાવે છે. વાસ્તવિક તેમજ અલંકારયુક્ત કાવ્યાત્મક નિરૂપણમાં લેખકનુ ભાષા પ્રભુત્વ જોઈ શકાય છે. લેખકની ભાષાશૈલી હળવી, સરળને માર્મિક છે. ‘ધૂળમાંની પગલીઓ’ની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪ પ્રકાશિત થયેલ. અને ૧૯૮૬મા સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત થયેલ. ૧૯૯૪માં ડૉ. ઋષિ રાજપુરોહિત દ્વારા ‘धूड़ में पगलिया’ રાજસ્થાનીમાં અને ૨૦૦૨માં ડૉ. આલોક ગુપ્તા દ્વારા ‘धूल पर पदचिन्ह’ હિન્દીમાં અનુવાદ થયેલ છે.

સંદર્ભ:

૧. શેઠ ચંદ્રકાન્ત; ‘ધૂળમાંની પગલીઓ’; આ.૨૦૦૭; પ્રકાશન- આર.આર. શેઠની કંપની

૨. પટેલ બહેચરભાઈ; ‘ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ’ (અર્વાચીન આધુનિક) પ્રકાશન- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.